અપીલ અરજી નં.૧૦૧ તા.૨૩–૭–૦૮

અરજદારઃ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**હુકમઃ–**

**વિષયઃ–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૩ તા.૫–૬–૦૮ ની અરજીથી બીપીએલ કુંટુંબ નકકી કરવા માટેની ગાઈડ લાઈન શું? બીપીએલ કાર્ડનો સર્વે કયા વર્ષમાં કરવામાં આવ્યો પ્રથમ વખતે બીપીએલ સર્વે કરવા કેટલા સ્ટાફની નિમણુંક કરવામાં આવી અને કુલ કેટલો ખર્ચ થયો તેની વિગતવાર માહિતી પૂરી પાડવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૧/૨૦૦૮–૦૯

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૩ તા.૫–૬–૦૮ ની અરજીથી બીપીએલ કુંટુંબ નકકી કરવા માટેની ગાઈડ લાઈન શું? બીપીએલ કાર્ડનો સર્વે કયા વર્ષમાં કરવામાં આવ્યો પ્રથમ વખતે બીપીએલ સર્વે કરવા કેટલા સ્ટાફની નિમણુંક કરવામાં આવી અને કુલ કેટલો ખર્ચ થયો તેની વિગતવાર માહિતી પૂરી પાડવા બાબતે નં.યુસીડી/૪૫૨ તા.૨૪–૬–૦૮ થી ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ મુદ્દાવાર માહિતી સાથે ગાઈડ લાઈન અંગે રૂ.૨/– પ્રતિ પેઈજ ફી ભરી મેળવી લેવા જણાવેલ માહિતી સામે માંગેલ માહિતી અધુરી અને અસંતોષકારક હોઈ તે પૂરી પાડવાની રજુઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૪ તા.૩૧–૭– ૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ મળેલ છે. જે અનુસાર અરજદારે માંગેલ માહિતી મુદ્દાસર રીતે સાથે ગાઈડલાઈન અંગે પરિશિષ્ટ–૧ તથા સર્વેમાં નિમણુંક આપેલ સ્ટાફ અંગે ઝોન વાઈઝ પત્રક વિગત સાથે અરજદારને મ.જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવે છે. આથી અરજદારને માહિતીની વિગત ન પૂરી પડાયેલ હોઈ તેવું જણાતું નથી. અરજદારે માહિતી સંતોષકારક નથી તેવી રજુઆત બાબતે કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી તેમજ મ.જાહેર માહિતી અધિકારી સૂચનાનુસાર નિયત ફી ભરી ગાઈડ લાઈન ની નકલ અરજદારે મેળવવા પ્રયત્ન કરેલ જણાતો નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૫–૬–૦૮ ની આઈડી.નં.૨૨૩ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તેમને સૂચિત કર્યાનુસાર નિયત ફી ભરીને ગાઈડ લાઈનની નકલ મેળવવા સ્વતંત્ર છે. માહિતી સમય મર્યાદામાં અપાયેલ હોઈ અરજદારની અપીલમાં ની અન્ય રજુઆત અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૮ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,(યુસીડી)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,